વર્નાક્યુલર ટેક્સ્ટ બૂક્સ ... ની

गुजराती त्रीज... ...डीना अर्थ.

મુંબઈ બેટની તથા મુંબાઈ ઈલાકાની ભૂગોળનો સાર.

બનાવનાર

નગીનદાસ

ફકીરભાઈ કાસીદાસ,

છપાવી પ્રસિદ્ધ કરનાર

ડાહ્યાભાઈ જગજીવનદાસ.

નવી સુધારેલી આવૃત્તિ ત્રીજી.

કીમત ૪ આના.

મુંબઈ;

"તત્વવિવેચક" પ્રેસ.

સને ૧૯૧૦.

ગુજરાતી ત્રીજી ચોપડીના અર્થ.

પાઠ ૧ લો.

બાળપોથી—નાનાં છોકરાંને ભણવાની ચોપડી.
મૂળાક્ષરો—સ્વર અને વ્યંજન.
બારાખડી-કક્કાનાં પદો.
રમુજી-આનંદ થાય તેવા
લાભ—ફાયદો.
જ્ઞાન—સમજ.
ડાહી ડાહી—શીખામણ લેવા લાયક.
શિખામણો—બોધ.
પદાર્થ પાઠો—વસ્તુઓની સમજના પાઠ.
વિષે—સંબંધી.
જોગ—લાયક
સરસ—સારી.
ઉમંગથી—હોંશથી.
આનંદ—ખુશાલી.
હોશીઆરી—ચાલાકી.
વાર્તાઓ—વાતો.
બારીક—ઝીણી.
મુકાબલો—સરખામણી.
અધિકારી-ઉપરી.
માહીતિ—સમજણ.
શરૂ કરી—શીખવા માંડી
મજાની—સારી.
રસીલી—મજા પડે તેવી.
પુસ્તકો—ચોપડીઓ.
સંબંધી—ના. વિષે
નદી—મીઠા પાણીનો રેલો પર્વતમાંથી નીકળી સમુદ્રને કે સરોવરને મળે તે.
દરીઓ—સમુદ્ર, સાગર
મેદાન—સપાટ જમીન.
સાદા—સહેલા.
નમુના—આકાર, ધાટ.
સામાન્ય—રોજ વપરાતી.
વર્ણન—હકીકત.
સોદો લેવા—ખરીદ કરવા
છેતરાશો—ઠગાશો.
ઉતાવળ—ઝડપ.
ખાતરી—તપાસ.
આળસ—સુસ્તી. [નાનું.
પોપટીઉ—સમજણ વિ-

પાઠ ૨ જો ભાગ ૨ જો

ગુજરાતી — ગુજરાતમાં વપરાતી ભાષા.
લિપિ—ભાષા. [શાસ્ત્રી.
બાળબોધ — બ્રાહ્મણી,
પંડિતો—વિદ્વાનો.
અંક—આંકડા.
અજ્જુ—હ્રસ્વ ઉ અને દીર્ઘ ઊ.
વરડુ-હ્રસ્વ ઇઅને દીર્ઘઈ.
ધોરણ—રીત.

પાઠ ૨ જો ભાગ ૨ જો.

નીપજે—થાય. [લખનાર.
લહીઓ—ઝડપથી સારૂં
લાલચ—લોભ.
લપટાવું-વળગવું [રોગી.
નર્યા—રોગવિનાના, નિ-
શ્રદ્ધા-વિશ્વાસ.
ઉદ્યોગી—મહેનતુ.
ચેન-ગમત,સુખ,નિરાંત.
ફક્કડ—શોખીલા, છેલ.
ઠાઠ—ડોળ, ભપકો.
અજુકતુ-પ્રસંગ વિનાનું.

માઠું-ખરાબ. [ખતના.
અસલના-પહેલાંના વ-
વિદ્યાભ્યાસ-ભણતર.
છેલ્લે-છેવટે.
તરેહના-જાતના.

પાઠ ૩ જો.

ઘરડો-બુઢ્ઢો.
ટટ્ટુ-નાનો ઘોડો.
મૂર્ખ-અક્કલ વિનાના.
હડહડતો-ખરેખરો પૂ-
રેપૂરો.
કળિયુગ-ખરાબ વખત.
જુવાન-ઉમર લાયક.
થોડે દૂર-જરા છેટે.
બુદ્ધિ-અક્કલ. [ખતમાં.
ખરે બપોરે-તાપના વ-
હિંડાડે-ચલાવે.
મોજથી-આનંદથી.
મુસાફરી-દેશાટણ.
ખર્યુંપાન-ઘરડો, મરવાને
થોડો વખત બાકી
હોય તેવો.
ફીકર-ચિંતા.
શરમાઈ-લજવાઈ.
જોસબંધ-ઝડપથી.
શ્રાવક-જૈન ધર્મી.
સંઘ-ટોળું.
દયા-રહેમ.

[illegible]ી-દયા વિનાનો,
[illegible]ય.
ઉઠાવા[illegible] ઉપાડી, ઉંચકી.
મેળો-બજાર.
જલદી-તાકીદે.
વીખરાઈ-વેરાઈ.
તોફાન-મસ્તી.
ફીકે-વીલે.
પસ્તાયા-ખેદ પામ્યા.

પાઠ ૪ થો.

પરગજુ-પરોપકારી.
સ્ત્રી પુરૂષ-ધણી ધણી-
આણી.
બાળક-છોકરૂં.
ઈશ્વર-પ્રભુ.
ભક્તિમાં-ભજનમાં.
ગાળતાં-કાઢતાં.
કૃપાથી-મહેરથી.
પુત્ર-છોકરો.
નરસિંહ ચૌદશ-ભગ-
વાને નરસિંહ અવ-
તાર લીધેલો તે દિવસ
ભંડાર-ખજાનો.
ઉપકાર-પાડ.
ગુજરી ગયા-મરીગયા.
ઉછેરવાનું-પાળવાનું.
સલાહ-શીખામણ.
અસર-લાગણી.

નીવડયો-થયો.
માનીતો-વહાલો.
માઠું-ખરાબ.
ઇચ્છે-ચહાય.
સાંઢ-આખલા.
અંતઃકરણમાં-મનમાં.
એકદમ-તરત. [લુગડું.
ફેંટો-માથે બાંધવાનું
ઘા-વાગેલું. [આપી.
વખાણ કર્યાં-શાબાશી
વૈદ-દેશી દાક્ટર.
આશ્ચર્ય-નવાઈ.

પાઠ ૫ મો.

કુટુંબ-સગાં વહાલાં.
ગુજરાન-પોષણ.
ધંધે-રોજગારે.
પ્રીતિ-પ્રેમ.
લગ્ન-વિવાહ.
ઉભરાઈ-છલકાઈ.
ખડ-ઘાસ.
આશીશ-આશરવાદ.
ખૂંચેલો-કળીગએલો.
ટંગાવી-લટકાવી. [ગાત.
ઇનામ-બક્ષિસ, ભેટ, સો-
થોભાય-ખોટી થવાય.
ધાડું-ગીચ.
ચોર-લુટારા.
જંગલી-ફાડી ખાનાર.

પ્રાણી–જનાવર.
બીક–ભય.
ઈજા–પીડા, દુઃખ.
સહીસલામત–સુખરૂપ.
સામેલ થયો–ભળીગયો.

પાઠ ૬ ઠ્ઠો.

અદલ–ખરો, વાજબી.
ઈનસાફ–ન્યાય.
હાલત–સ્થીતિ. [ધ્યાની.
ગામઠી–મહેતાજીની,પં-
ધંધામાં–રોજગારે.
વળગ્યો–લાગ્યો.
અક્કલવાળો–બુદ્ધિશાળી.
નશીબદાર–ભાગ્યશાળી.
ફાવતો–જામતો.
ખરીદ્યા–વેચાતા લીધા.
આબરૂ–માન, કીર્તિ.
મીલકત–પુંજી.

સલાહ–કહ્યાપ્રમાણે.
વર્તીશું–ચાલીશું.
કબુલાત–વચન.
દહાડોપાણી-મરણ ક્રિયા.
તોડ–નિકાલ.
વાહવાહ–વખાણ.

પાઠ ૭ મો.

પરમેશ્વર–ઈશ્વર.
સઘળું–બધું.[ળીઆમાં.
પોળમાં–મોહલ્લામાં, ફ-
લબ્બોટે–ગોટીએ.
સુશોભિત-સુંદર, રૂપાળા.
અટકાવ્યો–વાર્યો.
નજીવી–નાની, નકામી.
ટેવ–આદત.
સજા–શિક્ષા.
આસપાસ–ચોતરફ.
આકાશમાં–ગગનમાં.

અંતરમાં–મનમાં.
આભાસ–તેજ, પ્રકાશ,
અજવાળું.
ચાસ–ખેતરમાં કાઢેલા
હળના લીટા.
વિશ્વપતિ–દુનિયાનો ધ-
ણી પરમેશ્વર.
વાસ–રહેઠાણ.
ભોંયરૂં–ભોંયમાં ઉંડું ખો-
દીને બાંધેલો ઓરડો.
ઘડીએ–રચીએ કરીએ.
ઘાટ–ખરાબ વાત.
તાત–બાપ, ધણી.
ખાલી–નકામી.
કણી–રજકણ.
કામ–માટે.
ઠામ–ઠેકાણું.

કવિતાના અર્થ.

(૧)

અન્વય—(આપણી) આસપાસ, આકાશમાં, અંતરમાં (ઈશ્વરનો) આભાસ (છે, અને) ધાસ ચાસની પાસપણ વિશ્વપતિનો વાસ (છે).

અર્થ—આપણી ચારેતરફ, ગગનમાં અને આપણા મનમાં ઈશ્વરનું તેજ છે અને ખડ અને ખેતરોમાં કાઢેલા હળના લીટાની પાસે પણ પરમેશ્વરનું રહેઠાણ છે.

(૨)

અન્વય—ભોંયમાં દે[illegible] પેસી, કાંઈ વાત કરીએ (અને) મનમાં ઘાટ ઘડીએ તે જગનો તાત [illegible]

અર્થ—જમીનની અંદર બાંધેલાં ઘરમાં પેશીને કંઈ વાત કરીએ અને મનમાં કોઈનું ભુંડું કરવાનો વિચાર ગોઠવીએ તે પણ દુનિયાનો ધણી પરમેશ્વર જાણે છે.

(૩)

અન્વય—(એક) કણી મૂકવા કામ ખાલી જગ્યા ખોળીએ (પણ) કયાંએ જગકર્તા વિના (નું) ઠાલું ઠામ ન મળે.

અર્થ—એક રજકણ મૂકવા માટે પરમેશ્વર વિનાની ઠાલી જગ્યા શોધીએ પણ કોઈજગ્યા પરમેશ્વર વગરની ઠાલી મળે નહિ.

પાઠ ૮ મો.

ઇશ્વર—પરમેશ્વર.
સ્તુતિ-ઇશ્વરનાં વખાણ.
વિશ્વસ્વામી — જગતના ધણી.
શીશનામી-માથું નમાવી
દયાળુ—કૃપાળુ.
આપદા—દુઃખો.
ઉગારો—બચાવો.

દીનાનાથ—ગરીબ નિવાજ, ગરીબના બેલી.
આધાર—આશરો, ટેકો.
માત તાત—મા બાપ.
પાળનારા—પાલણકર્ત્તા.
કીધા છે—કર્યાં છે. [પાડ.
ઉપકારો—ગુણો, ફાયદા,
રાંક—ગરીબ. [નાના.
અજ્ઞાન—સમજણ વિ·
તુંથી—તારાથી.
અજાણી—ધ્યાન બહાર.

ક્ષમા—માફ.
વાંક—કસુર, ગુન્હો.
મતિ—અક્કલ.
છેક—બીલકુલ [ગવું તે.
પ્રાર્થના—ઇશ્વિર પાસે મા-
દીલધારો-મનમાં લ્યો.
કુટુંબી—સગાં વહાલાં.
સદા—હમેશાં.
ભક્તિ—ભજન.
શક્તિ—જોર.
નિવારો—ટાળો.

કવિતાના અર્થ.

(૧)

અન્વય—અહો! દેવના દેવ! હે! વિશ્વસ્વામી (પ્રભુ) હું શીશ નામી· આપની સ્તુતિ કરૂં (છું કે હે!) દયાળુ પ્રભુ આપદાથી ઉગારો. (હે!) દીનાનાથ તું મારો એક (જ.) આધાર (છે).

અર્થ—હે ! દેવના પણ દેવ હે ! જગતના ધણી પ્રભુ હું માથું નમાવીને તમારાં વખાણ કરૂંછું. હે ! દયાવાળા ઇશ્વર ! મને દુઃખીયાં બચાવો હે ! ગરીબોનાબેલી મારે ફક્ત તારો એકલાનો આશરો છે.

(૨)

અન્વય—(હે !) પ્રભુ ! આપ મારા માતને તાત છો, તમે સદા સર્વને પાળનારા છો, તમે (અમારા ઉપર) કરોડો ઉપકાર કીધા છે. હે દીનાનાથ

અર્થ—હે ! પ્રભુ ! તમે મારા માબાપ છો તમે હમેશાં બધાના પાલણ કર્ત્તાં છો અને તમે અમારા ઉપર કરોડો ગુણ કર્યા છે. હે ! ગરીબના બેલી.

(૩)

અન્વય—હું રાંકનો રાંક અજ્ઞાન પ્રાણી છું, મારી કશીવાત તુંથી અજાણી ન (થી) હે ! દયાળુ ! મારો વાંક ક્ષમા કરો. હે દીનાનાથ.

અર્થ—હું ગરીબનો ગરીબ અને સમજ વિનાનો પામર પ્રાણી છું મારી કોઈપણ વાત તારી જાણ બહાર નથી હે ! દયાવાળા પ્રભુ ! મારો ગુન્હો માફ કરો. હે ગરીબના બેલી.

(૪)

અન્વય—અમે બાળકો હાથ જોડી બોલીએ (છીએ કે) હે ! પ્રભુ અમારી મતિ છેક થોડી (છે) દયા લાવીને દીલ (માં) પ્રાર્થના ધારો. હે દીનાનાથ.

અર્થ —અમે બધા બાળકો હાથ જોડી કહીએ છીએ કે હે । પ્રભુ ! અમારી બુદ્ધિ ઘણી ઓછી છે માટે રહેમ આણીને અમારી માગણી મનપર લ્યો. હે ! ગરીબના બેલી !

(૫)

અન્વય—(હે ! પ્રભુ !) અમે ને અમારાં જે કુટુંબી જનો (છે તે) સર્વ શરીરે સુખી રહીએ (અને) આપ સદા સારા વિચારો આપજો. હે ! દીનાનાથ !

અર્થ—હે પ્રભુ ! અમે અને અમારાં જે સગાં વહાલાં છે તે સર્વે શરીરે સુખી રહીએ એમ કર અને અમને હમેશાં સારા વિચાર આપજો હે ગરીબના બેલી.

(૬)

અન્વય—મેં કાંઈ (પણ) આપની ભક્તિ કરી નથી. આપના ગુણ ગાવાની (મારામાં) શક્તિ નથી (તો) દયા લાવી દાસનાં દુઃખો નિવારો. હે દીનાનાથ.

અર્થ—હે ! પ્રભુ ! મેં આપનું કાંઈ પણ ભજન કર્યું નથી. તમારા ગુણ ગાવાનું મારામાં જોર નથી. તોપણ કૃપા કરી સેવકોનાં સંકટો ટાળો હે ગરીબના બેલી પરમેશ્વર મારે ફક્ત તારા એકલાનોજ આશરો છે.

પાઠ ૯ મો.

સિંહ—ફાડીખાનાર ભયંકર જનાવર.
ઉંદર—ઘરોની અંદર રહેનાર નાનું પ્રાણી.
દર—નાનાં પ્રાણીને રહેવાનાં ઘર.
છાંયે—શીળે.
ઉનાળો-ગરમીની મોસમ.
સપડાયો-પકડાયો. [જીજી.
કાલાવાલા-કરગરવું, આ-
ગુનો—વાંક.
માફ—ક્ષમા
આફત—સંકટ.
સેવક—દાસ, ચાકર.
હાજર—તૈયાર. [ક્ષીસ.
જીવતદાન—પ્રાણની બ-
મગરૂરી—બડાઇ.
ભાન—સમજણ.
વેળા—વખત.
શિકારી—પારધી.
જાળ—પ્રાણીઓને પકડવાને ગુંથેલીદોરીઓ.
ફાંફાં—વલખાં.
અકળાયો—ગભરાયો.
બૂમો—બરાડા.
એકદમ—ઝટપટ.
બદલો—સાટું.
સેવા—ચાકરી.
બજાવશે—કરશે.
કાતરી—કાપી.
મદદ—સહાય.
સાંભરતી—યાદ આવતી.
ગર્વ—અહંકાર, મગરૂરી.
બેવડો—બમણો.

પાઠ ૧૦ મો.

પ્રમાણિક-સાચવટવાળો.
વેપારી—દુકાનદાર.
ઘરાક—ખરીદદાર.
કીંમત—મૂલ્ય.
છેતરતો—ઠગતો. [બરૂ.
શાખ—વટ,વહેવાર, આ-
ઠરાવ્યા—પરઠયા.
ઉતર્યો—આવ્યો.
લોભાતાં—લલચાતાં.
પોલિસ-રૈયતની સંભાળ રાખનારા માણસો.

થાણું-ગેટ ; ચોકી.
અમલદાર-ઉપરી.
ફરજ-જરૂર.
કમાયો-રળ્યો.
લાભ-ફાયદો.
વૃદ્ધ-ઘરડા.
ભાઇબંધી-દોસ્તી.
કાશી-બનારસ.
પ્રથમ-પહેલાં.
આગ્રહ-તાણ.
કોલેરા-ઉલટી અને ઝા-
ડાનો રોગ.
મુસ્કેલી-મુસીબત.
વિધવા-રાંડેલી સ્ત્રી.
ધન્ય-શાબાશ.

પાઠ ૧૧ મો.

ગુજરાણ-પોષણ.
ચલાવતા-કરતા.
ભારી-સખત.
તુરંગ-કેદખાનું, જેલ.
નાદ-ટેવ, લત, આદત.
જાપ્તો-બંદોબસ્ત.
લાગ-દાવ.
ધનવાન-પૈસાદાર.
વિકટ-બિહામણી.
રાહ-વાટ. [સાક્ષર.
તાલેવંત-નસીબદાર, પૈ·
ભૂડું-ખરાબ.
તાકયું-ઇચ્છયું. [પ્રાણી.
મગર-પાણીમાં રહેનાર

પાઠ ૧૨ મો.

યુધિષ્ઠિર-ધરમ રાજા.
ક્ષમા-માફ.
કોપ-ગુસ્સો, ક્રોધ.
વર્તણુક-ચાલ.
પીતરાઈ-કાકાના છોકરા.
સહન થઈ શકયું-ખમાયું.
ઝેર-વિખ.
ઉપાય-ઇલાજ. [ઘેલા.
લાખના-લાખવડે બાં-
ફાવ્યો-ઉપાય ચાલ્યો.
ફોસલાવી-પટાવી.
જુગાર-જુગટું.
દગો-છેતરપંડી.
ફરજ-જરૂર.
ગાળવા-કાઢવા,ગુજારવા.
રૂચતી-ગમતી.
ખરે-સાચે.
નીચ-દુષ્ટ.
નીચપણું-દુષ્ટતા.
આનંદ-ખુશાલી; મજા.
ગંધર્વ-દેવતાના ગવૈયા.
સહન કરતાં-વેઠતાં.
લાગણી-અસર.
અપકાર-બીજાનું બૂંડું
કરવું તે.
લુચ્ચા-ખળ.
અદેખા-કીનાખોર.
બાકી-કમી.
ગળગળા-છાતી ભરાઈ
આવી આંખમાં પા-
ણી આવવાં.
આફતો-દુઃખો.
ગુસ્સેથતા-ક્રોધે ભરાતા.
વેરલેવું-ભુંડાશનું સાટું
વાળવું.
ડગતું-ચળતું.

પાઠ ૧૩ મો.

ડાહ્યો-અક્કલવાળો.
ન્યાયાધિશ-ઇન્સાફ કર-
નારા અધિકારી.
પારખી-ઓળખી,જાણી.
અદલન્યાવ-વાજબી ઈ-
ન્સાફ.
પ્રજા-રૈયત.
પ્રીતિ-પ્રેમ.
રાજકાજ-રાજ્યનાં કામ.
ચર્ચા-વાતચિત.
સાક્ષી-સાહેદ.
અઘરૂં-કઠણ.
ચતુર-શાણા. [વાપરી.
ઉપયોગ કરી બતાવ્યો-
અચરજ-નવાઈ.
તરવાર-સમશેર.

હક-માલેકી.
વિચાર્યું-વિચાર કર્યો.
ખરેખરી-સાચ્ચી.
ગળેપડુ પારકી વસ્તુ પચાવી પડનાર.
બુરા-ખ રાબ, ભૂંડા.
હાલ-સ્થીતિ, વલે.
સજા-શિક્ષા.

પાઠ ૧૪ મો.

ગૃહસ્થ મોટો માણસ
થાકીગયો-શકતી ઘટી ગઈ.
કુકડીને-ધણીજ.
બિચારા-બાપડા.
નિસાસો શોકથી નીચો શ્વાસ મૂકવો.
સુંદર-સોભિતિ.
મજા-ગમ્મત.
અભાગીયાના — ઓછા નશીબવાળાના.
નસીબમાં-કરમમાં, ભાગ્યમાં. [ગયું.
કરમાઇ ગયું-વીલું પડી
ચતુર-ચાલાક.
હાલત-સ્થીતિ.
ઉપાડી-ઊંચકી.
મૂકવા-મેલવા.
ફરમાવ્યું-કહ્યું.
લંગડો-લુલો.

ટેકો-આધાર.
પારકો-બીજાનો.
મેવા-ફળફળાદિ.
મિઠાઈ-ગળ્યા પદાર્થ.
કામનું-ખપનું.
પાડ-ઉપકાર.
કાયમ-ચાલુ.
મહેનત-યત્ન.
દરેક-એકએક.
ધ્યાન-ચિત્ત.
કદાપિ-કોઈ દહાડો.
શોધી-ખોળી.
જોઇતા-ખપ પડતા.
તંગી-ભીડ,
કપડાં-લુગડાં.

પાઠ ૧૫ મો.

મહોલ્લો-ફળીઆં, શેરી
મશ્કરી-મજાક,ઠઠ્ઠા,થેકડી
નોતરૂં-ઇજન,આમંત્રણ.
રંગીત-રંગેલા
પાટલો-લાકડાનું આસન.
છાછરો-ઉંડો નહિ તેવો.
થાળ-થાળી, રકાબી.
ખાર-ભાતને પાણીમાં રાંધી ચઢવા આવે ત્યારે દુધ નાખીને બનાવેલો ખાવાનો પદાર્થ.

ચપચપ-ઝટપટ.
મજા-ગમત.
જાણ્યું અજાણ્યું-સમજ્યો ન હોય તેવો દેખાવ.
ભોળા-ઠગાય તેવા.
આગ્રહ-તાણ.
ખાતર-બરદાસ.
પીરસેલો-મૂકેલો.
સાટું-બદલો.
મલકાવી-હસતું કરી.
સ્વાદે-મજાથી.
ઠીક-સારી
શરમાયું-લજવાયું.
સિવાય-વિના.

પાઠ ૧૬ મો.

સત્ય-સાચું.
ચિત-મન.
ચિંતન-મનન.
વાચક-બોલ.
નિશ્ચય-નક્કી.
ઉચરવું-બોલવું.
અસત્ય-જૂઠું.
બીજ-બી.
વૃક્ષ-ઝાડ
વિશાળ-મોટું.
ગુણકારી-ફાયદાવાળાં.
આશ્રય-આશરો.
છાંય-છાયા,છાંયડો.

પરિતાપ—દુઃખ.
વસે—રહે.
આફત—દુઃખ.
પ્રગટે—ફેલાય.
છળ—પ્રપંચ.
દુષ્ટ—ખરાબ.
મતિ—બુદ્ધિ.
ભય—બીક.

હટે—ખસે, ઓછી થાય.
છુપશે—ઢંકાશે.
દીપશે—પ્રકાસશે.
આંચ—નુકશાન, ઇજા.
સદાય—હમેશાં.
વદી—બોલી.
ક્લેશ—કંકાસ, સંતાપ.
અનેક—ઘણી.

હરે—મટાડે.
અન્ય—બીજું.
અતિ ઘણું.
રીઝશે—ખુશી થશે.
સ્વર્ગ—દેવનું રહેઠાણ.
ઝળકીત—પ્રકાશીત.
જશ—આબરૂ.
જોગ—કારણ.

કવિતાના અર્થ.

(૧)

અન્વય—ચિત સતનું ચિંતનરે કરવું, નિશ્ચય સત વાયક ઉચરવું, અસત્ય કામ કદિ કરવું નહિ અને જગે જશથી ઝળકીત ફરવું.

અર્થ—મનમાં સત્યનું મનન કરવું, નક્કી સાચા બોલ બોલવા, જૂઠું કામ કદિ કરવું નહિ અને દુનિઆમાં આબરૂ વડે પ્રકાશીત ફરવું.

(૨)

અન્વય—સત બીજથી વિશાળ વૃક્ષ થશે. (તેનાં) ગુણકારી મીઠાં ફળ ઉતરશે. (અને) છાંય તળે જન આશ્રય કરશે, (તેથી) પરિતાપ જતાં સૌસુખ મળશે.

અર્થ—સત્ય રૂપી બી વાવવાથી મોટું ઝાડ થઈ તેનાં ફાયદાવાળાં મધુરાં ફળ મળશે. અને સત્ય રૂપી ઝાડની છાયા નીચે ઘણા માણસો આશરો લેશે તેથી તેમનાં દુઃખો મટી જઈ બધાં સુખ મળશે.

(૩)

અન્વય—જગનાં સહુ કાજ સતમાં વસે (છે) અસતે જન આફતમાં પડશે. (જેમ) સત સુરજ (નું) તેજ ઘણું પ્રગટે) (તેમ) છળ દુષ્ટ મતિ ભય પામી હટે.

અર્થ—આ દુનિયાનાં બધાં કામ સત્યના આધારે રહેલાં છે. તો અસત્ય કામ કરવાથી માણસો સંકટમાં આવી પડશે. જેમ સત્ય રૂપી સૂર્યનું તેજ ઘણું પ્રકાશશે તેમ પ્રપંચી અને નઠારી બુદ્ધિ સત્યની બીકથી ઓછી થશે.

(૪)

અન્વય—કંઈ જોગથી સત્ય છુપાઈ જશે પણ છેવટ સત્ય ઉજાસ થશે. (જો) સુરજ કદી વાદળથી છુપશે. (તોપણ) નિશ્ચય છૂટી તે ફરીથી દીપશે.

અર્થ—કદી કોઈ કારણથી સત્ય ઢંકાશે તોપણ આખરે સત્ય ઉઘાડુ થઈ પ્રકાસશે. જેમ સુરજ કદિ વાદળાથી ઢંકાય છે તોપણ તે પાછો ખુલ્લો થઈ નક્કી ફરીથી પ્રકાશે છે.

(૫)

અન્વય—સતને આંચ નથી (તેનો) કદી નાશ ન (થી) સદાય સત્ય વદી જગ જીતવું. નિશ્ચય સત અનેક કલેશ હરે. ખરે સત્ય સમું અન્ય બળ નથી.

અર્થ—સત્ય વડે જરા પણ ઇજા થતી નથી તેમ તેનો કદિ પણ નાશ થતો નથી માટે હમેશાં સાચું બોલી દુનિયાને જીતવી. નક્કી સત્ય અનેક સંતાપો મટાડે છે. ખરેખર સત્ય સરખું જોર બીજું કોઈ નથી.

(૬)

અન્વય—સતમાં સદાય સાચું સુખ વસે (છે.) સતથી વિશ્વપતિ અતિ રીઝશે. સત્ય વિના બીજો કંઈ ધર્મ નથી (માટે) સત્યથી સ્વર્ગ-જીતી સદાય રીઝો.

અર્થ—સત્યમાં હમેશાં સાચું સુખ રહેલું છે અને સત્યથી પરમેશ્વર ઘણા ખુશી થશે, તેમજ સત્ય વગર બીજો કોઈ ધર્મ નથી માટે સાચું બોલી સ્વર્ગનાં સુખ મેળવી હમેશાં આનંદમાં રહો.

પાઠ ૧૭ મો.

મુસાફર—વટેમાર્ગુ.
રીવાજ—રીત, ટેવ.
વર્તમાનપત્ર—ન્યુસપેપર.
બાંકડો—બેન્ચ, પાટલી.
ઉત્તર—જવાબ.
શિક્ષકે—મેહેતાજીએ.
તંબુ—લુગડાનું ઘર.
સવારી—તાલુકા કે જીલ્લાના ગામોમાં ફરવું.
વાપરેછે—કામમાં લેછે.
સપાટ-ઢાળટેકરાવગરની.
ભરવાડ—બકરાં ઘેટાં ચરાવનાર.
ડુંગરા—મોટા ટેકરા. નાના પહાડ.
રખડેછે—ભટકે છે.
ચારો-ઢોરનેખાવાનું ઘાસ.
નેસ—રબારી ભરવાડને રહેવાનાં ઝુંપડાવાળી જગા.
ભલા—સારા. [તેવાં.
મીલનસાર — હળીજાય
પરોણા ચાકરી—મેમાનગીરી.
સાંભરે— યાદ.
વખાણ—ગુણ ગાવા.
ભારી—ત્રાસ આપનાર.
પૂજે—ચાકરી કરે.
ખરચવા—વાપરવા.

પાઠ ૧૮ મો.

શરીર—ડીલ.
સ્વચ્છ—ચોકખું.
તમાશો—રમત.
ખેલવા—રમવા.
ખેલાડી—રમત કરનાર.
સ્વરૂપવાન—રૂપાળો.
વરખ—સોના કે રૂપાનાં ઘણાં પાતળાં પતરાં.
બાળુ—રાતનું ભોજન.
બેભાન—ભાન વગરનો.
રડારોળ-બૂમ પાડી રડવું.
પાડોશણ—જોડમાં રહેનાર સ્ત્રી.
નવાઈ—અચંબો.
કુંટાળો—સુગ.
મોત—મરણ.
ચોટી—વળગી.
ખુલ્લાં—ઉઘાડાં.
મુખ્ય—મોટી.
મતલબ—હેતુ.
પાર પડતી—સફળ થતી.
લૂછી નાખવું—લોહવું.
ઝટ—જલદી.
કરકરા—જાડા.

પાઠ ૧૯ મો.

પ્રમાણિક—સાચવટવાળા.
ખેડુત—ખેતી કરનાર.
કણબી—ખેડુતની જાત.
ઉદ્યોગી—મહેનત.
સહેજ—જરા.
ઉપજ—પેદાસ. [રચ.
કરકસર—રીતસરનો ખ-
ફાયદા—ગુણ. [ઘરી
બચાવી—ફાજલપાડી,સંહળ—જમીન ખેડવાનું લાકડાનું ઓજાર.
ચરૂ—ત્રાંબાનો કડાં વાળો દેગ. [સિક્કા.
સોના મહોર—સોનાના
ધનવાન—પૈસાદાર.
ઉતરે—પાછો પડે.
અઘાટ—તમામ હકસાથે.
ફેંસલો—ચુકાદો.
વિદ્વાન—ભણેલા.
ચુકાદા—ફેંસલા.
નિર્ણય—નક્કી.
બંધ બેસતી—ફાવતી, ગોઠતી.
પસંદપડી—ગમી.
ઇશ્વર કૃપા—પ્રભુની મહેરબાની.
ખરેખર—સાચે.

પાઠ ૨૦ મો.

ઇનામ–બક્ષિસ. [હુર.
પ્રખ્યાત–નામિચો, મશ-
પાદશાહ-મુસલમાનરાજા
પરાક્રમી–બળવાન.
શોખીન–આનંદ લેનાર.
આસરો–મદદ.
દરબાર–રાજકચેરી.
ઉમરાવો–જાગીરદારો,
અમીરો.
વિષયો–બાબતો.
પાર-છેડો. [તાનો ઉપરી
ખજાનચી–નાણા ખા-
હુકમ કર્યો-ફરમાવ્યું,કર્યું.
નામદાર-મોટાનામવાળા.
ફટકા નેતર કે ચાબખા-
ના ઝપાટા
અચરજ–નવાઈ.
હઠ–આડાઈ.
આજીજી–કાલાવાલા.
હળવે હળવે–ધીરેધીરે.
વચન–બોલ.
નિશ્ચય–નક્કી ઠરાવ.
શરૂ થયું-ચાલુ થયું.
બસ–થયું.
ભાગીદાર–ભાગીયો.
શરત–ઠરાવ.
હજુરમાં–રૂબરૂમાં.

લાંચીઓ-રૂસ્વતખાનાર.
પહેરાવાળો- ચોકીદાર.
ગુસ્સો -ક્રોધ.
દ્રવ્ય–પૈસો, ધન.
માનીતો-વહાલો.

પાઠ ૨૧ મો.

આખલો–સાંઢ
મચ્છર -મગતરૂં.
તોફાની–મસ્તીખોર.
જંગલમાં–વગડામાં.
દોડે–ધાય.
કાયર થયો–કંટાળ્યો.
આંકી–ડામવડે નિશાન
કરી.
મરજી–ખુશી.
ફાટયો–મસ્તીખોર થયો
માતેલો-ફાટેલો.
ગર્વ–અહંકાર, મદ.
જબરો–બળવાન. [રતો
ગણગણતો–અવાજ ક-
નીચ–દુષ્ટ.
ચલાવવો–ઉગામવો.
પલકમાં–પલમાં, જરા-
વારમાં.
કચરી–ચગદી.
નબળો–જોર વગરનો.
યુક્તિથી–કળથી.
તોબા તોબા–હાય હાય.

પોકરાવી–બોલાવી.
ચટકા–ડંખ.
કાલાવાલા–આજીજી.
નસકોરાં–નાકનાં બેકાણાં.
ફુલાઈ–અહંકારી થઈ.
શબ્દો–બોલ.
અભિમાની–અહંકારી.
લાગ આવે–દાવ ફાવે.
ઉતારૂં–ઓછો કરૂં.
સપડાયો–પકડાયો.
ફાંફાં–વલખાં
છેવટે–આખરે. [ચારનો.
હલકામનનો–નીચ વિ-
ખૂબ–ઘણોજ.
નમ્ર–ગર્વ રહિત.
માઠાં–ખરાબ.
હલકો–નીચ.

પાઠ ૨૨ મો.

સાચો બાળક–ખરૂં બો-
લનાર છોકરો.
મિત્ર–ભાઈબંધ.
પુસ્તકાલય લાઇબ્રેરી,
કિતાબખાનું.
વૃત્તાંત–હકીકત.
અભ્યાસ કરતા–ભણતા.
બાળપણની–નાની ઉ-
મરની.
યાદ–સાંભરતી.

જાણવાજોગ – જાણવા જેવી.
ઇચ્છા–મરજી,
આનંદ–ખુશી.
કુહાડી લાકડાં કાપવાનું હથીઆર.
ધાર–કોર. [સે
આંગણામાં-બારણા પા-
સુંદર–સારૂં, શોભિતું.
વહાલું–પ્યારૂં.
કરમાઈ–સુકાઇ.
ખબર–જાણ.
હંમેશના–રોજના.
નિયમ–ધારા.
ધમકાવ્યા–દમ ભરાવ્યો.
જવાબ-ઉત્તર [હોંચ્યો.
આવીચઢયો-આવી પ-
સઘળાને–બધાને.
જરા–થોડો.
હીંમત–ધીરજ.
દીલગીરી–શોક.
અત્યારે–હમણાં.
કીંમત–મૂલ્ય.
લક્ષણ–ટેવ, ગુણ.
પારણું–ઘોડીઊં.
પંકાયો–વખણાયો.

પાઠ ૨૩ મો.

સુલતાન–બાદશાહ.
અયાઝ-એકફકીરનુંનામ.

જંગલમાં–રાનમાં, વગડામાં. [વાની રમત.
શિકાર–જનાવર માર-
ઝડપથી–ઉતાવળે.
આરામ–આશા એશ.
નજરે–દ્રષ્ટિએ.
ફકીર–મુસલમાન સાધુ,
બંદગી–નીમાજ, પ્રાર્થના.
ખરેબપોરે–મધ્યા-હે.
તરસ–પ્યાસ.
પાક–પાવન, પવિત્ર.
અલ્લા–ખુદા.
એહસાન–પાડ.
લાયક–જેવા.
હાજર–રજુ.
ભાવથી–હોશથી.
શાંત–ઠંડો.
વિનંતી–અરજ.
જાગીર–જમીન.
ઉમરાવ–અમીર.
લાભ–ફાયદો,
સાન–અક્કલ, સમજણ.
સાંઇબાવા–ફકીરને બોલાવવાની રીત.
સંબંધમાં–વિષે.
અંદેશો–વહેમ.
અદેખાઇ–ખાર, ઇર્ષ્યા.
ઇલાજ–ઉપાય.

ભંભેરવા–ખોટું સમજાવવા.
અસલ–પ્રથમની.
સ્થિતિ–હાલત.
આભાર–ગુણ, પાડ.
ઇર્ષાખોર–ખારીલા.
દેશનિકાલ–દેશપાર.

પાઠ ૨૪ મો.

પશુઓ-ચોપગાંજાનવર.
પંચ–પાંચ જાત.
વાદવિવાદ–તકરાર.
તુર્ત–તરત.
દરબાર–સભા.
ગણના–ગણતરી, ખુજ.
વલવલે–ટળવળે.
પય–દૂધ.
જુલમ–ત્રાસ.
પાર–છેડો.
વફાદાર–નીમકહલાલ.
પ્યારૂં–વહાલું. [આપું.
હલાલકરૂં–બદલો વાળી
સેવા–ચાકરી.
માનવી–માણસ.
ભાર–બોજો.
લાધે–નાખે.
બીનતકરાર-વાંધાવગર.
તનતોડીને–જાતે દુઃખ વેઠીને.
માલીક–ધણી.

પીઠ–વાંસો.	શ્રેષ્ઠ–ઘણો સારો.	કરાર–વિસામો, સુખ.
દરકાર–પરવા.	સરદાર–ઉપરી.	ગજ–હાથી.
સફર–મુસાફરી.	નિર્દોષી–નિરઅપરાધી.	અથડાય–કુટાય.
માર્ગ–રસ્તો.	ત્રાસ–હેરાનગતી.	ખલકમાં–જગતમાં.
જળ–પાણી.	કસાઈ–ખાટકી.	દંડે–સજા કરે.
ક્રુર–દુષ્ટ.	કરથી–હાથેથી.	કીરતાર–ઇશ્વર.
અંબાડી-હાથીનો સાજ.	ઠાર–મરીજવું.	કોપે–ગુસ્સે થાય.

કવિતાના અર્થ.

(૧)

અન્વય—પશુમાં એક તકરાર પડી (તેથી) પોતે વાદવિવાદ ચલાવા તુર્ત દરબાર ભરી અને ત્યાં નરનાર બેઠાં.

ગાય કહે—હું ગાય ગરીબડી (તેથી મારા) ગુણોની કોણ ગણના કરશે. (મારાં) વાછરડાં બિચારાં વલવલે ને બીજાં પય ખાય (તો પણ) જુલમનો ક્યાં પાર છે?

અર્થ—ચોપગાં જાનવરમાં એક તકરાર પડી તેથી પોતે વાદવિવાદ કરવા માટે તરત એક સભા ભરીને ત્યાં સઉ નર માદા બેઠાં. એટલે ગાય બોલી—હું ગાય ગરીબડી પડી એટલે મારા ગુણોની બુજ કોણ કરનાર છે. મારાં વાછરડાં બીચારાં દુધ વિના ટળવળે છે ને તે દુધ તો બીજા બીજા ખાઈ જાય છે તોપણ મારાપર ગુજરતા જુલમનો ક્યાં પાર છે?

(૨)

અન્વય—કુતરો કહે-હું પ્યારૂં વફાદાર પ્રાણી ધણીનું ધાન ખાઈ મનમાં માન રાખી તેનું નીમક હલાલ કરૂં છું (અને) રાતદિન સેવા કરનાર છું—વાદ૦

અર્થ—કુતરો કહે હું વહાલું નીમકહલાલ પ્રાણી છું તે ધણીનું અન્ન ખાઈ ધણીનું માન રાખી તેના ખાધેલા લુણનો બદલોવાળું છું અને રાત દીન સેવા કરૂં છું. પોતે૦

(૩)

અન્વય—ગધેડા કહે—મૂર્ખ માનવી મને હસે (છે) પણ ભાર કોણ ઉપાડે (છે) મણબંધી બોજા લા[illegible]ને બીન તકરાર ચાલુ (તોપણ) કહો (કે) જન ઉપકાર ક્યાં જાણે.

અર્થ—ગધેડા કહેછે કે અક્કલ વગરના માણસો મને હસેછે પણ સમજતા નથી કે ભાર કોણ ઉપાડે છે વજન બંધી ભાર ભરે તોપણ વગર વાંધે હું ચાલુંછું પણ કહો માણસો મારો ગુણ ક્યાં જાણેછે. પોતે વાદ૦

(૪)

અન્વય—ઘોડો કહે—(હું) તન તોડીને સેવા આપું, કદી હાર ખાઉં નહિ. માલીકને પીઠપર સ્વાર કરી લઇ રસ્તો કાપું (તોપણ) કહો કોણ દરકાર કરે છે-વાદ૦

અર્થ—ઘોડો કહેછે. હું શરીરે દુઃખ વેઠીને ચાકરી કરૂં છું કોઇ વખત પાછો હઠું નહિ અને ધણીને વાંસાપર બેસાડી મારગ કાપું છું તોપણ કહો કોણ મારી પરવા કરે છે.—પોતે૦

(૫)

અન્વય—ઊંટ કહેછે.-મુસાફરીમાં માર્ગ કાપવા હું દૂર સફર કરૂં (છું તોપણ) કોઈ ક્રુરમુસાફર જળકાજે મુજ જીવ લીએછે (પણ) હું મરતાં પરોપકાર કરૂં છું-વાદ૦

અર્થ—ઊંટ કહેછે કે મુસાફરીમાં રસ્તો કાપવા વાસ્તે હું ઘણી લાંબી મુસાફરી કરૂં છું તોપણ કોઈ દુષ્ટ વટેમાર્ગુ પાણીને માટે મારો જીવ લે છે છતાં મરતાં મરતાં પણ હું તેની તરસ મટાડીને પરોપકાર કરૂં છું પોતે વાદ૦

(૬)

અન્વય—હાથી કહે-રાજાની અંબાડી કેરો મુજપર આધાર છે મુજ પગલાંથી સ્વારી શોભે (ને) વળી દરબાર દીપે છે (માટે) પશુમાં હું શ્રેષ્ટ સરદાર છું-વાદ૦

અર્થ—હાથી કહેછે કે રાજાની અંબાડીનો મારાપર આધાર છે મારાં પગલાંથી સવારી શોભે છે અને વળી દરબાર પણ શોભે છે તેથી પશુમાં હું મોટો ઉપરી છું-પોતે વાદ૦

(૭)

અન્વય—બકરો કહે-(હું) તલ ત્રાસ આપું નહિ, તોય માણુસ મારૂં માંસ ખાવા કાજે તપે છે (અને) કસાઇ કરથી ઠાર બનું છું (કહો) નિર્દોષિને ન્યાય ક્યાં મળે-વાદ૦

અર્થ—બકરો કહે કે હું જરાપણ દુઃખ આપતો નથી તો પણ માણુસ મારૂં માંસ ખાવા માટે તલપે છે અને ખાટકીના હાથથી કપાઇ જાઉંછું કહો કે નિરપરાધી ને ક્યાં ઇન્સાફ મળે છે-પોતે વાદ૦

(૮)

અન્વય—બળદ કહે છે-મુજબળથી ખેડુત હળખેડે, મુજપર કુલ આધાર હુંજ વાહન કે વ્યાપાર (નો) રોજનો બોજ ઉપાડું તોય ઘડીનો કરાર ન હોય-વાદ૦

અર્થ—બળદ કહે છે કે મારા જોરથી ખેતી કરનાર હળખેડે છે. મારા પર તમામ દુનિયાનો આધાર છે. હુંજ સ્વારી કે વેપારનો રોજનો ભાર ઉંપાડું છું તો પણ મને ઘડીની આશાએસ હોય નહિ-પોતે વાદ૦

(૯)

અન્વય—ખર, બકરોને બળદીઓ ગજ, ઘોડોને ગાય (વગેરે) પ્રાણી બીચારાં પારકી આશા પર અથડાય (છે) જો ખોટાં કામે ખલ-કમાં દરબાર દંડે (તો) પશુ પંખીને પીડતાં કીરતાર કોપે નહિ?

અર્થ—ગધેડો, બકરો, બળદ, હાથી, ઘોડોને ગાય વગેરે પ્રાણી બીચારાં પારકી આશા ઉંપર કુટાયછે. જો ખોટાં કામ કરવાથી દુનિયામાં જ્યારે સરકાર સજા કરેછે તો પછી પશુ પંખીને દુઃખ દેતાં પરમેશ્વર કેમ ગુસ્સો ન કરે! કરેજ.

પાઠ ૨૫ મો.

ગુનો-વાંક.
કબુલાત-માનવું.
ધક્કો-હડસેલો.
આરસો-તકતો, આયનો.
ફૂટયો-ભાંગ્યો.
મા-નહિ.
બહાર-બારણું.
કસુર-વાંક ભૂલ.
કદાચ-કદી.
જાણે અજાણે-ધ્યાન બહાર.
નારાજ-નાખુશ.
બીક-ડર.
ઉદાસ-દીલગીર.
કશો-કંઈપણ.
દોષ-વાંક.
સંતાડવા-છુપાવવા.
સુધારી-બતાવી.
સજા-શિક્ષા.
સહન કરૂં-વેઠું.
સદ્ગુણી-નીતિવાળા.
નીવડે-થાય.

પાઠ ૨૬ મો.

મઝાની-સુંદર.
નિશાળ-શાળ[illegible] સ્કૂલ.
બાળાઓ-છોકરીઓ.
રંગ બેરંગી-જુદી જુદી જાતના રંગના.
ગળપટા-ગળે વીંટાળવાનો પટો.
ગુંથે-જકડે.
નામાં-હિસાબ લખવોતે.
લેખાં-મોંના હિસાબ ગણવાતે.
ઘાટ-આકાર.
પ્રદર્શન-બધી વસ્તુઓ ગોઠવીને મૂકેલી તે.
ઉપયોગમાં-ખપમાં.
ચીજો-વસ્તુઓ.
સાદડીઓ-ચટાઇઓ.
આનંદથી-મોજથી.
ચિત્રકામ-ડ્રૉઈંગ.
તલ્લીન-એક ધ્યાન.
વિષય-બાબત.
ખુબી-બલિહારી.
લાયક-લાયકીવાલા.
વર્તેછે-ચાલેછે.

પાઠ ૨૭ મો.

સંઘરો કરવો-એકઠું કરવું
કુદરત-ઇશ્વરી ચમત્કાર.
અવલોકન-ધારીને જોવું.
રાજધાની-રાજગાદી.
કિલ્લા-કોટ.
રચના-ગોઠવણ.
ખાણ-અનાજ ભરવાનો મોટો ખાડો.
ભુકરો-એક જાતનો પોચો પત્થર.
ગંજી-ઢગલો.
અગત્યની-જરૂરની.
આગગાડી-રેલગાડી.
આગબોટ-વરાળથી ચાલનારૂં વહાણ.
સાધનો-સાહિત્યો.
પુષ્કળ-ઘણુંજ.
નાણું-પૈસો.
દ્રવ્ય-નાણું
અવાર નવાર-વારાફરતી

કવિતાના અર્થ.

કીડી એ જંતુની જાત છે તો પણ જુઓ તે કેવી દાણા એકઠા કરેછે. અને બધી સાથે મળીને હમેશાં સંપથી દરમાં રહેછે.

પાઠ ૨૮ મો.

પરબ–તરસ્યા માણસોને પાણી પાવાની જગ્યા.
ગોળા–માટલાં.
સફેદ–ધોળા.
પિત્તળ-ત્રાંબાને જસતની મેળવણીથી બનાવેલી ધાતુ.
પ્યાલા–જામ, પવાલાં.
લોટો–કળશીયો.
મજુર–હેલકરી.
કઠિઆરા-લાકડાં વેચનાર
તડકામાં-તાપમાં.
ભારા-લાકડાની જુડીઓ.
ઉપાડી–ઉચકી.
વિસામો–થાક, આરામ.
ઉપજ–પેદાશ. [નથી.
ખરાદિલથી–સાચા મ-
આશીર્વાદ–આશિષ.
ટાળવામાં–નાશકરવામાં.
મનોહર–રમણીય.
શીતળ–ઠંડી
ધર્માદા-દાનમાં.

પાઠ ૨૯ મો.

શેખસલ્લી–તરંગી.
તરંગો–ખોટા વિચાર, મનના બુદ્દા.
તર્ક–વિચાર.
ઊઠાવે–દોડાવે.
ચિંતા-ફીકર. [ઓ.
ધાડવો–માટીનો દોરી-
મરઘી–કુકડી.
ઉદ્યમે–રોજગારે.
વળગ્યો–લાગ્યો.
ક્યારનો–કેવારનો.
માફક-પેઠે.
પંડિતો–વિદ્વાનો.
ચેતવ્યો–જાણીતો કર્યો.

પાઠ ૩૦ મો.

પતંગ–કનકવા.
ઉડાડવા–ચગાવવા.
નારાજ–નાખુશ.
ગભરાઓ–અકળાઓ
સપાટા–ઝપાટાથી.
ભરાઇ–વળગી.
મદદ–સહાય.
કાયરથવું–કંટાળવું.
પ્રયાસ–મહેનત, યત્ન.
ફાવ્યો–પાર પડયો.
આસમાન–ગગન.

પાઠ ૩૧ મો.

ડોલે–હાલે.
તરૂવર–ઝાડ.
ઝુલાવે–હીંચોળે. [તેવાં.
મનોહર–મનને ખુશી કરે
ગાન–ગાયન.
ધ્યાન ધરવું–ઇશ્વર સ્મરણ કરવું.
વને–વનમાં.
કલોલ–આનંદ.
ચણતાં–વીણી ખાતાં.
જળધારે–પાણીને ઓવારે.
નીજ–પોતાને.
પોઢે–સુવે.
માળ–માળામાં.
જંપતાં–નીરાંત થતી.
મળસ્કે–પરોઢીએ.
ધાય–દોડે.
પ્રીતે–હેતથી.
દીનાનાથ–પરમેશ્વર.
મધુરો–મીઠો
નિર્મળ–ચોકખું.
ઠરે–વિસામો લે.
હઠાવોદે–હરાવે.
ધાર્યુ–ઇચ્છાપ્રમાણે.
વશ–તાબે.
વિપત્તિઓ–આફત.
શોધી–ખોળી.
કામધેનું–મનધાર્યું આપનારી ગાય.
ચિંતવ્યા–મનમાંઇચ્છયા.
અપાર–ઘણો.

કવિતાના અર્થ.

(૧)

અન્વય—તરૂવર ડાળીઓ ડોલે, પવન પાન ઝુલાવે, મનોહર પંખીઓ સુંદરગાન ગાતાં ઊડે, (તે) સુંદર ગાન ગાતાં, ઇશ્વરનું ધ્યાન ધરતાં, (ને) વને કલોલ કરતાં, રોજ આનંદે ફરવાં સંપે સાથ રહેતાં, પ્રીતનો પડદો ખોલે, તરૂવર ડાળીઓ ડોલે, (તેથી) પંખી રોજ સુખીઆં (છે.)

અર્થ—જંગલમાં ઝાડોની ડાળીઓ ડોલે છે અને જાણે પવન પાંદડાંને હીંચોળતો હોયની તે વારે મનોહર પંખીઓ મજાનાં ગીત ગાતાં ઉડે અને તે મજાનાં ગાયન ગાતાં ને વળી પરમેશ્વરનું ધ્યાન ધરતાં (દેખાયછે) વળી પંખીઓ વનમાં આનંદ કરતાં ફરતાં દેખાય છે. અને સાથે સંપથી રહેછે તેથી હેત પ્રીતનો અંતરાય તુટી જઈ પ્રેમમાં વધારો થાયછે. આવીરીતે ઝાડોની ડાળીઓ હાલેછે તેથી પંખીઓ રોજ સુખીઆં છે.

(૨)

અન્વય—કોઈ વનફળ ખાયછે, કોઈ કણ ચણતાં જાયછે, કોઈ ફૂલ રસ ચૂસેછે, કોઈ વનસ્પતિ ખાય (છે) કોઈ વનસ્પતિ ખાય ને જળ ઘાટે દોડી જાય (ત્યાં) સૌ મળી સંપે નાય. પછી નિજ વાટે વળતાં. સાંજે માળ (પર) પોઢે (અને) બાળક જોઈ જંપતાં (વળી) મળસ્કે ઉઠી ધાય (ને) કોઈ વનફળ ખાયછે.

અર્થ—કેટલાંક વનમાંથી ફળ ખાયછે. કેટલાંક દાણા વીણી ખાતાં જાય છે કેટલાં ફૂલોમાંથી રસ ચૂસે છે. કેટલાંક કુમળાકુમળા, છોડવા અને ઝાડોનાં પાંદડાં ખાયછે. કોઈ ઝાડપાન ખાય અને પાણીના ઓવારા તરફ દોડી જાય ને ત્યાં બધાં ભેગાં થઈ હળીમળી નહાય, પછી પોત પોતાને રસ્તે પડે. સાંજે માળામાં સુએ અને પોતાનાં બચ્ચાં જોઈ નીરાંત વળે મોટા પરોઢીઆમાં ઉઠીને જંગલમાં દોડે અને કોઈ કોઈ વનફળ ખાય છે.

(૩)

અન્વય—ભલી ભાતનાં ફળ ઝુલે વિધવિધ જાત મેવો દીનાનાથ દીધો (તે) સૌ પંખી પ્રીતે જમે. દીનાનાથ ખેતરમાં પાક પૂરો દીધો (તેએટ-

લોકે) ખંત રાખી ખાએ (તોપણ) મધુરો માલ ખૂટે નહિ. (તે ખાઈ સદા સંતોષ ધરી નિત્ય નિર્મળ જળ પીએ (પછી) નીજ ઠામ આવી ઠરે- ફળ ભલી ભાતે ઝુલે.

અર્થ—સારી રીતનાં ઝુલતાં ફળ અને જુદી જુદી જાતનો મેવો પરમેશ્વરે આપ્યો છે તે પંખીઓ બધાં હેતથી ખાયછે વળી પરમેશ્વરે ખેતરમાં પૂરેપૂરો પાક આપ્યો છે તે એટલો આપ્યો છે કે ખંત રાખીને ખાધાજ કરે તોપણ એ મીઠો માલ ખૂટે નહિ. તે ખાઈને હમેશાં સંતોષ રાખી નિત્ય ચોકખું પાણી પીએ અને પોતાને ઠેકાણે આવી શાંત થાયછે અને ફળો સારી રીતે ઝુલેછે.

ઉદ્યમ વિષે.

અન્વય—ઉદ્યમથી એકલો (હોય તોપણ) હજાર ને હઠાવીદે. ઉદ્યમથી ધાર્યું ધન ધાન્ય મેળવાય છે. ઉદ્યમથી રાજ અધિકાર કાંઈ દૂર નથી. ઉદ્યમથી દેવ દાનવ વશ કરાય છે. ઉદ્યમથી તરત વિપત્તિઓ વેરાઈ જાય. (વળી) ઉદ્યમીઓ ધૂળમાંથી પણ સોનું શોધી જાયછે. અરે બાળ તુ તો ઉદ્યમને કામધેનું જાણ (તેથી) ચિંતવ્યા પ્રમાણે અપાર લાભ પમાય છે.

અર્થ—ઉદ્યમથી માણસ એકલો હોય તો પણ હજારો માણસને હઠાવીને પોતે આગળ પડે. ઉદ્યમથી મરજી પ્રમાણે ધન ધાન્ય મેળવાય છે. ઉદ્યમથી રાજ અધિકાર લેવો હોય તેપણ છેટે નથી મતલબ કે તેપણ મળેછે ઉદ્યમથી દેવ અને દૈત્યો પણ તાબે થઈ જાયછે. ઉદ્યમથી બધી આફત જતી રહેછે. વળી ઉદ્યમ કરનાર માણસો ધૂળમાંથી પણ સોનું ખોળી જાય છે. માટે હે બાળકો તમે ઉદ્યમને ઇચ્છેલું આપનારી ગાયના જેવો ગણો કારણ કે તેથી પણ એ ગાયની પેઠે મનમાં ઇચ્છયા પ્રમાણે ઘણા લાભો મળેછે માટે સૌએ આળસ છોડીદઈ ઉદ્યમ કરવો.

પાઠ ૩૨ મો.

પટેલ—ગામનો ઉપરી.
બજાવેલી—કરેલી.
વંશપરંપરા-પેઢીદરપેઢી
ભોગવટા—વાપર, વપરાશ [ખેડાય તેટલી.
સાંતીની—એક હળ વડે
પ્રકાર—જાત, વર્ગ.
લાડમાં-પ્યારમાં.
ઉછરેલો—મોટો થએલો.
સાથી—ભાગીઆ, સોબતી.
લુચ્ચા-ખળ.
પુંજી—દોલત.
ઇચ્છતા-મરજી કરતા.
ડહેલી—ખડકી.
હુક્કો—હોકો, ગુડગુડી.
સમાન—જેવું.
બળ—જોર.
મેઘ—વરસાદ.
જળ—પાણી.
નજર—દેખરેખ.
ખાતરી—વિશ્વાસ.
માફક—પેઠે.
મદદ—સહાય.

પાઠ ૩૩ મો.

ચોકખાઈ—સફાઈ.
બેનપણી—સહી.
પીડાય—દુઃખી થાય.
ગંદું—ગોબરું, ગોબરૂ.
નિરોગી—આરોગ્ય.
જરૂર—ખપ, કાજ.
ઠામઠામ—ઠેકાણે ઠેકાણે.
જંતુઓ—જીવડાં.
સુધરતી—સારી થતી.
ખુલ્લાં-ઉઘાડા.
બિછાનાં-પાથરણાં.
ભીનાશ-ભેજ.
મેલું-ગંદુ
ચકલી-કળ, કોક.
એકઠું-ભેગું.
લકવો-સંધીવાનો રોગ.
જાજરૂ-સંડાસ
મોરીઓ-ગટરો. [દબો.
દુર્ગંધી—ખરાબ વાસ, બ-
તદ્દન—બીલકુલ

પાઠ ૩૪ મો.

વૃદ્ધ—ઘરડા.
પાટવી—મોટા.
નિશ્ચય—ઠરાવ.
સમાચાર—હકીકત.
ફેલાતાં—ખબર પડતાં.
અદેખાઈ—ખાર. દ્વેષ.
ઉથાપશે—લોપશે ફેરવશે
સંદેહ—શક, વહેમ.
સલાહ—વિચાર.
વરદાન—રાજીથઈ માગવાને આંપેલું વચન.
વનવાસ-વનમા રહેવાનું
શોક-દીલગીરી.
દેહ મૂકયો—મરણ પામ્યા
પ્રજા—રૈયત.
ધિક્કાર—વખોડવું.

પાઠ ૩૫ મા.

નટ—અંગકસરતનાખેલ કરનાર.
જોસથી—જોરભેર.
ધરી—પકડી,
ખુબી—સફાઇ.
ગુલાંટ—ગોથું.
ઝમકારા—ચમકારા.
ચમકે—ઝળકે.
શાબાસ—વાહવાહ.
દરકાર—પરવા.
સ્થિર—ટટાર.
સફાઈ-ખુબી.
ચમત્કાર-નવાઈ.
નજર બંધી—જોનારની આંખને ભુલાવામાં નાંખવીતે.
ખુબીદાર—ચમત્કારી.

પાઠ ૩૬ મો.

ગ્રીષ્મ—ગરમ ઋતુ.
મહિમાય—મોટાઇ.
નિરખી—જોઇ.
શીતળ—ઠંડી.
કોકિલા-કોયલ.

ટહુકા–બોલ.
ધરતી–જમીન.
તપતી–ગરમ થતી.
તરૂમાં–ઝાડોમાં.
લહી–લઇ, જોઇ.
શાખ–ઝાડપર પાકેલી કેરી.

સુકેશરી–સારી કેશરી–આ રંગની.
રસદાર–ઘણા રસવાળા.
હરતી–ખેંચતી.
ઠરતી–વસતી,
ઉકળાટ–બફારો,
આમ–આંબો

પરખાઉં–ઓળખાઉં.
કંઠ–સાદ, ગળું.
સંગિત–ગાયન.
સૂર–તાલ.
પ્રસારી–ફેલાવી.
પ્રફુલ્લ–ખીલેલો.

કવિતાના અર્થ.

રોળાવૃત્ત.

અન્વય—ઝાડની શીતળ છાંય, ફળ ફૂલ હરખી ઝુલે, આ આંબો શોભાય (તેમાં) કોકીલા ટહુકા કરતી, (વળી) ધરતી તપતી જાય (અને) મોગરે સુગંધ ભરતી (એવો) ઇશ્વરનો મહિમાય ગ્રીષ્મમાં નીરખી લીધો.

અર્થ—ઝાડોની ઠંડી છાંયા. ફળો અને ફુલો આનંદે ઝુલેતે આ આંબાના ઝાડોની શોભા. વળી તેમાં ટુહુ ટુહુ કરતી કોયલો. જમીન દીવસે દીવસે વધારે ગરમ થતી જાયછે તે અને મોગરો પણ સુગંધીદાર બને છે એવી ઇશ્વરની મોટાઇ ગ્રીષ્મ એટલે ગરમીની ઋતુમાં જોઇ.

તોટક વૃત્ત.

(૧)

અન્વય—હસતી રમતી વસંત વનમાં (અને) તરૂમાં ભમતી (ભમતી) મોર દઇ ગઇ પછી ગ્રીષ્મ થતાં કેરી બહુ ફળી (તેને) ભલી લીલી લહી જનો લલચાય (છે.)

અર્થ—હસતી રમતી વસંત ઋતુ જંગલો અને ઝાડોમાં ફરતી ફરતી (મને) આંબાને મોર દઇ ગઇ. પછી ગરમીની ઋતુ થઇ એટલે આંબાપર બહુ કેરી આવી તેને સારી લીલી છમ જેવી જોઇને માણસો તે લેવાને માટે લોભાય છે.

અન્વય—અતિતાપ પડે (તેથી) શાખ થઈ ખરે, (પછી) રસદાર (થઈ) સુકેશરી રંગધરે. તે રસથી જગનું ચિત્ત હરતી કેરી તણી ખુબી દીલમાં કરતી (છે).

અર્થ—એ ઋતુમાં ઘણોજ તાપ પડેછે તેથી કેરીઓ ઝાડ પર પાકીને ખરી પડેછે પછી ઘણા રસ વાળી થઇ તેનો સારો કેશરીઓ રંગ થાય છે તે રસથી બધા લોકોનું મન પોતા તરફ ખેંચે છે એવી કેરીની ઘણી બલિહારી મનમાં લાગેછે.

દોધક છંદ.

(૧)

અન્વય—જુઓ ગ્રીષ્મ ઉકળાટ ધરેછે, પંખી ઉડીવને વન ફરેછે હું (કોયલ) ટહુકે જન ચિત્ત હરૂં છું (અને) આમ્ર તરૂપર વાસ કરૂં છુ.

અર્થ—જુઓ આ ગરમીની ઋતુમાં બફારો ઘણો થાયછે. પંખીઓ ઉડીને વને વન ફરેછે કોયલ પોતાના ટહુકાથી માણસોનાં મન હરેછે અને આંબાના ઝાડ પર રહેછે.

(૨)

અન્વય—હું શ્યામ શરીર વડે પરખાઉં (અને) કોમળ કંઠ વડે વખણાઉં (વળી) સંગિતના સૂર સમજાવું (છું) અને મનોહર વાડી ખૂબ ગજાવું (છું).

અર્થ—હું મારા કાળા રંગના શરીરથી ઓળખાઉંછું અને મારા મધુર ગળા (સાદ) વડે વખણાઉં છું હું માણસોને ગાયનના તાલ સમજાવું છું અને મનને આકર્ષે એવો બાગ ઘણોજ ગજાવી મૂકું છું.

નારાચ છંદ.

અન્વય—જુઓ આ બાગ મધુર મોગરે રૂપેરી (હોય તેવો) દીપે (છે) વેલમાં ફુલેલ કળી અંગમાં સુગંધ ભરેછે. (એવો મોગરો) હું અનેક પાંખડી પ્રસારી ઝારી રૂપ બન્યો છું (અને) મને ગ્રીષ્મનો પ્રફુલ્લ બાળ સહુજને ગણ્યો (છે.)

અર્થ—જુઓ આ બાગ સફેદ મોગરાનાં ફૂલોવડે રૂપેરી હોય એવો શોભેછે વેલોની અંદર ફુલેલી ફળીઓ શરીરમાં સુગંધી આપે છે હું મોગરો ઘણી પાંખડીઓ ફેલાવી ઝારીના જેવો દેખાઉં છું મને બધા લોકો ગ્રીષ્મના ખીલેલા બાળકના જેવો ગણે છે.

ઇંદ્રવજરા.

અર્થ—સારી રસથીજ ભરેલી કેરી હોયછે, કોયલ ટહુકાથી ઘણી વખણાય છે બટ મોગરાની મીઠી સુગંધી હોયછે. એવી સારી રસિક ગ્રીષ્મ ઋતુ અમે સૌએ જાણી.

પાઠ ૩૭ મો.

જંગલી—જંગલમાં રહેનારા.
પાદરી—ધર્મગુરૂ.
બોધ—શિખામણ.
ઇમારતી—ઘર બાંધવામાં વપરાતાં લાકડાં.
આઘેના—વેગળેના.
સિવાય—વગર.
સંબંધમાં—સહવાસમાં.
અભણ ઢોઢ. [કામ.
બાંધકામ-ઘર બાંધવાનું
કુશળ—હોશિઆર.
શરૂ—ચાલુ.
કાટખૂણો—ઘરબાંધવામાં વપરાતુ લાકડાનું ઓજાર.
જલદી—ઉતાવળે.
ઓજારો—હથીઆરો.
ભીલ—કોળી, દુબળા વગેરે જંગલમાં રહેનારી જાત.

પાઠ ૩૮ મો.

નમુનો—આકાર, નકલ.
બહાદુરી—જોરાવરી.
જોડે—સાથે.
વહેણ—પ્રવાહ.
કીલ્લો—કોટ.
ખંડેર—ભાંગેલાં ઘરો.
મુશ્કેલ—અઘરૂં, કઠણ.
ચઢાવ—ચઢવાનું.
દિવાલો—ભીંતો.
બુરજો-કિલ્લાનેખૂણે ઉંચો ચણેલો ગોળ ભાગ.
કસ્બો—તાલુકાનું મોટું ગામ.
નજીક—પાસે
રૂપેરી—સફેદ રંગનો.
તળેટી—ડુંગર પાસેની નીચી જમીન.
ખીણ-બે ડુંગર વચ્ચેની નીચી જમીન
પગથી—એક માણસથી ચલાય એવો સાંકડો રસ્તો, કેડી.
દેખાવ—જોવાનું.
રમણીય—સુંદર.
સપાટાબંધ—જલદી.
આકૃતિ—આકાર, ઘાટ.

પાઠ ૩૯ મો.

બોડા—ઝાડપાનવગરના.
ભેખડો—ચીરા, ટેકરા.
ટુકડા—કડકા.
ઘસડાઇ—તણાઈ.
બંગલા—બેઠાઘાટનાં ઘર.
દેવસ્થાનો-દહેરાં, દેવળો.
નબળી—પાક નથાય તેવી.

પીગળેલો—ગરમીથી પ્રવાહીરૂપે થએલો.
ઉપસી—ફૂલી, ઉંચી થઈ.
કોતરી—કોચી.
ભિંજાય—પલળે.
પૂલો—નદી ઉતરવાને પાણીથી ઉંચે ટેકા મૂકી બાંધેલો રસ્તો.

પાઠ ૪૦ મો..

સરોવર—મોટું તળાવ.
જેઠ મહિનો—ઉનાળાનો છેલ્લો અથવા વરસનો આઠમો મહિનો.
મેળાપ—ભેટો.
પૃથ્વી—જમીન.
પચીજાય—નીચે ઉતરી જાય.
વહેળા—નાની નદીઓ.
પ્રવાહ—વહેણ, રેલો.
નિચાણ—ઢળતી જગા
સમુદ્ર—સાગર, દરિઓ.
ધોધ—ઉંચેથી નીચે પડતું પાણી.
શક્તિ—જોર, બળ.
ખડક—પત્થરના ટેકરા.
ભૂકે ભૂકા—ચૂરે ચૂરા.
પુષ્કળ—ઘણીજ.
નદીનુંમુખ—નદી સમુદ્રને મળે તે જગા.
બેટ—ચારે તરફ પાણીને વચ્ચે જમીન હોય તેને.
ચમકારા—ઝબકારા.
સરિતા—નદી.
નિર્મળ—ચોખ્ખું.
નીર—પાણી.
તીર—કાંઠો, કિનારો [ના.
ચિત્રવિચિત્ર-ભાત ભાતનાવણ—નહાવાનું.
ધોવણ—ધોવાનું.
પાનનું—પીવાનું.
પિછાણીએ—જાણીએ.

કવિતાના અર્થ.

અન્વય—નિર્મળ નીરે ભરેલી સુંદર સરિતા જુઓ તેને તીરે નાનાં મોટાં તરૂ ઉગેલાં (છે.)

અર્થ—ચોખ્ખા પાણીથી ભરપૂર રૂપાળી નદી જુઓ તેના કાંઠા ઉપર નાનાં મોટાં ઝાડો ઉગેલાં છે.

અન્વય—તેમાં ચિત્રવિચિત્ર રંગિત માછલાં ગમ્મત કરતાં (અને કિનારે પશુ લીલું લીલું ઘાસ ચરતાં (જણાય છે)

